**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯**
**આંક –34**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૭ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | હીતેશભાઈ લાખાભાઈ પરમાર (અનુસુચીત જાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 8140235789 |
| ઉંમર આશરે | ૨૯ | વરસની | ધંધો | ખાનગી નોકરી |
| રહેવાનુ | થાવર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું થાવર ગામે રહી ખાનગી નોકરી કરૂ છુ. અમો ચાર ભાઈ બહેનો છીએ, જેમાં સૌથી મોટી લક્ષ્મીબેન તેનાથી નાનો હુ મારાથી નાનો હિંમત અને સૌથી નાની ભગવતી બેન છે.

(૨) ૨૦૧૯ની સાલમાં હુ બપોરના સમયે વડલા પાસે બેહેલ હતો. તે સમયે અમારા વાસમાં લગ્ન હતા તેથી અમો ત્યાં બેહેલ હતા. વડલા પાસે મુકેશભાઈના રીક્ષા પડેલી હતી. તે સમયે વીંછીંવાડાનો નરસિંહભાઈ પટેલ બાઈક લઈને આવેલા અને રીક્ષાને ઠોકેલ. તે સમયે મુકેશભાઈ અને નરસિંહભાઈને બંન્ને વચ્ચે બોલાચાલી થયેલી. તે સમયે મહેન્દ્રભાઈની દુકાન આગળ ગયેલા. તે સમયે બે ત્રણ જણા આવેલા જેમાં એક વીંછીવાડાનો બીજો એક માલોત્રાનો અને ત્રીજો થાવરનો હતો. જે પૈકી એકનું નામ મને યાદ છે જેઓનું નામ નારણભાઈ હેગોળાભાઈ પટેલ છે. આ લોકો ધોકા અને લાકડી લઈને આવેલ અને મુકેશભાઈને મારવા લાગેલા. આ ત્રણેય જણાએ મુકેશભાઈને મારેલ તેમાં મુકેશભાઈને ડાબા હાથ વાગેલ. મુકેશભાઈને ડાબા હાથે કોણેમાર્યુ તેની મને ખબર નથી. ત્યારબાદ અમો છોડાવા ગયેલ. હું તથા મહેન્દ્રભાઈ,

સાહેદની સહી............................

વેરશીભાઈ, કીરણભાઈ છોડાવા માટે ગયેલા. આ લોકો ઢેઢડા નીકળી ગામ છોડીને નીકળી જાઓ નહીતર જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપેલી. આ સમયે મુકેશભાઈ ના પિતા નરસિંહભાઈ છોડાવા માટે આવેલા અને તેઓને પણ મારેલા. કઈ જગ્યાએ મારેલ અને કોણે મારેલા તેની મને ખબર નથી. મુકેશભા અને તેમના પિતા વાગેલ હોય તેથી અમો બધા તેઓને ધાનેરા  સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. તેઓએ પોલીસ સ્ટેશને ફરીયાદ કરેલી. બનાવ સબંધે પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓને હું ઓળખુ છુ ,જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે તેજ છે. હું મુદામાલ ધોકો બતાવવામાં આવે તો ઓળખી શકુ.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ ધોકો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે બનાવ વખતે ધોકો હતો તે તે જ છે.

**સરતપાસ પુરી...**

**ઉલટતપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી. ડી.પી.ચૌધરી....**

(૩) એ વાત ખરી છે કે થાવર ગામ બહુ મોટુ ગામ છે અને અંદાજે દશેક હજાર વસ્તીવાળું ગામ છે. એ વાત ખરી છે કે દરેક શાખના બધા લોકોને હું ઓળખતો નથી હોતો. નારણભાઈ હેગોળાભાઈ માર્કેટમાં પેઢી ચલાવે છે. એ વાત ખરી છે કે '' **આ લોકો ઢેઢડા નીકળી ગામ છોડીને નીકળી જાઓ નહીતર જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપેલી.** ''આ હકીકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે નરસિંહભાઈ નાનજીભાઈ અને મુકેશભાઈ નરસિંહભાઈ અમારા કુટુંબી થાય છે અને મહેન્દ્દભાઈ ખેમશીભાઈ અને વેરશીભાઈ કાંતીભાઈ એ મારા કુટુંબી થાય છે. મને એ વાતની ખબર નથી કે ઉપરોકત ચારેય જણા સાથે રામજીભાઈ નરસિંહભાઈ જોડે બનાવ બનેલ કે કેમ. એ વાત ખરી છે કે બનાવના અરસામાં લગ્નગાળો હોવાથી ગામમાં ઘણા માણસો અવર–જવર હતી અને અમારા વાસમાં પણ લગ્ન હતા. એ વાત ખરી છે કે બનાવના  સમયે અમારા વાસમાં લગ્ન હતા તેથી અમો તથા મહેમાનો ત્યાં હતા. હું

સાહેદની સહી............................

બનાવની ફરીયાદ દાખલ કરવા માટે પોલીસ સ્ટેશન ગયેલો.

**ઉલટતપાસ પુરી.**

**વધુ ઉલટતપાસ નથી.**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૦/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................